R.N.I. No. : GUJGUJ/2000/447- અયૂબ ૪૦ : ૧૯ Ahmedabad Jurisdiction

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા •

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com (મો)૯૮૨૫૧૬૯૩૮૬

YEAR-29 • ISSUE: 06 DATE: 08-02-20• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to; કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## શાહીનબાગના પ્રદર્શનો સંયોગ નથી , પ્રયોગ છે : વડાપ્રધાન મોદી



દિલ્હીની વિધાનસભાની ચુંટણી સભાને સંબોધતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શાહીનબાગમાં થઈ રહેલા સીએએ વિરોધ આંદોલન પાછળ એક ખતરનાક ષડયંત્ર હોવાનું ગણાવ્યુ હતું. તેમણે કહ્યુ હતું કે તમામ પ્રદર્શન સંયોગ નથી, પ્રયોગ છે. અને તેના ઈરાદો રાષ્ટ્રના સૌહાર્દને ખંડિત કરવાનો છે. આ પ્રદર્શનો પાછળ એવી રાજનીતિક ડીઝાઈન છે જે રાષ્ટ્રના સૌહાર્દને ખંડિત કરવાનો ઈરાદો રાખે છે. જો આ એક કાયદાનો જ વિરોધ હોત તો સરકારના આટલા આશ્વાસનો બાદ પુરો થયો હોત.પણ આમ આદમી પાર્ટી અને કોગ્રેસ રાજનીતિનો ખેલ ખેલી રહ્યા છે.તેઓ લોકોને ઉશ્કેરી રહ્યા છે.હવે બધી વાતો બહાર આવી છએ.બંધારણ અને તિરંગાને સામે રાખીને જ્ઞાન વહેચવામાં આવી રહ્યુ છે.અદાલતો એવુ ઈચ્છે છે કે વિરોધ પ્રદર્શનથી સામાન્ય લોકોને પરેશાની થાય નહીં. પણ આ લોકો અદાલતની વાત માનવા તૈયાર નથી અને બંધારણની વાતો કરે છે.દિલ્હીથી નોઈડા વચ્ચે પ્રવાસ કરનારા લોકો પરેશાન છે.મક્કમ સરકાર ચુંટાશે તો આવી અરાજકતા દુર કરી શકશે.

## ભારતમાં CAA બંધારણના સંપુર્ણ ભંગ સમાન છે આ કાયદો હ્યુમન રાઇટ્સના કાયદાનો ભંગ કરે છે : એમનેસ્ટી ઇન્ટરનેશનલ

ભારતમાં તાજેતરમાં પસાર કરવામાં આવેલો નાગરિકતા સુધારા કાયદો ભારતીય બંધારણના સંપુર્ણ ભંગ સમાન છે. અને તે ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટસના કાયદાનો પણ ભંગ કરે છે. ધર્મને આધારે તેમાં ભેદભાવ સર્જવામાં આવી રહ્યો છે.તેમ એમનેસ્ટી ઈન્ટરનેશનલ દ્વારા અમેરિકાના સાંસદોને જણાવવામાં આવ્યુ છે. એમનેસ્ટી ઈન્ટરનેશનલ એશીયા પેસીફીક એડવોકેસી મેનેજર ફ્રાન્સિસ્કો બેન્કૌસ્મે દ્વારા ઉપર મુજબ ટીપ્પણી કરવામાં આવી હતી. સરકાર તરફથી આ બાબતે સ્પષ્ટતા કરવામાં આવી હતી.

સંસદમાં ડિસેન્બર ૨૦૧૯માં પસાર કરાયેલ નવો નાગરિકતા સુધારા કાયદો પાકિસ્તાન,બાંગલાદેશ અને અફઘાનિસ્તાનથી આવેલા મુસ્લીમ સિવાયના ધાર્મિક રીતે હેરાનગતિ પામેલા લઘુમતી શરણાર્થીઓને ભારતમાં નાગરિકતા આપે છે. ભારત સરકાર સતત બચાવ કરતાં કહે છે કે આ કાયદાથી કોઈની નાગરિકતાના અધિકારો છીનવાઈ જતા નથી.કાયદાનો હેતુ પાડોશી દેશોના ધાર્મિક રીતે હેરાન કરવામાં આવેલા લઘુમતી વર્ગના શરણાર્થીઓને નાગરિકતા આપવાનો છે.


### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬


## ન્યુઝીલેન્ડ સામે ભારતે ૫-૦થી ટી-૨૦ સીરીઝ જીતનાર વિશ્વની પ્રથમ ટીમ બની




ભારતીય ટીમે ન્યુઝીલેન્ડને ટી-૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટ સીરીઝની પમી મેચમાં ૭ રને પરાજય આપી સીરીઝ જીતીને વિશ્વમાં પ્રથમ સ્થાને આવી છે. આ વિજય સાથે ભારતની ટીમે એક ઈતિહાસ રચ્યો છે.આ ઉપરાંત ભારતના ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ સૌથી વધારે મેઈડન ફેકનાર વિશ્વનો પ્રથમ બોલર બન્યો છે. ભારતે ન્યુઝીલેન્ડની ધરતી પર કીવીની સામે પહેલી વાર ટી-૨૦ ઈન્ટરનેશનલ સીરીઝ વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં રમી હતી. બે મેચોની આ ટી-૨૦માં ભારતે ૦-૨થી હાર વેઠવી પડી હતી.ત્યાર બાદ ૨૦૧૮-૧૯માં રમાયેલી ટી-૨૦માં ન્યુઝીલેન્ડને ૨-૧થી પરાજય આપ્યો હતો. તેની સાથે ભારતે ૧૧ વર્ષમાં પહેલી વાર ન્યુઝીલેન્ડની ધરતી પર ટી-૨૦ ઈન્ટરનેશનલ સીરીઝમાં વિજય મેળવ્યો છે.

## સામાજીક કાર્યકરો, મહિલા સંગઠનોએ ભાજપના નેતાઓના ધિક્કાર ઓકતા ભાષણો પર રોક લગાવવા વડાપ્રધાનને અપીલ કરતો પત્ર લખ્યો

દેશના ૧૭૫ જેટલા સામાજિક કાર્યકર્તા અને મહિલા સંગઠનોએ ભાજપના નેતાઓ દ્વારા થયેલા કહેવાતા ધિક્કાર ઓકતા ભાષણોને મુદ્દે વડાપ્રધાનને ખુલ્લો પત્ર પાઠવ્યો છે. ભાજપના નેતાઓ વિરુધ્ધ પત્રમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે દિલ્હી વિધાનસભાની રેલીઓ દરમિયાન ચુંટણી સંદેશો આપતાં તેઓ દુષ્કર્મની ભીતિ બતાવીને ભય ફેલાવી રહ્યા છે.વડાપ્રધાન મોદીને પત્ર પાઠવીને મહિલા સંગઠનોએ આક્ષેપ કર્યો હતો કે ભાજપના નેતાઓ પોતાના અનુયાયીઓને સીએએ,એનઆરસી સામે વિરોધ નોધાવી રહેલી મહિલાઓ સામે હિંસા આચરવા અપીલ કરીને હિંસાનું વાતાવરણ સર્જી રહ્યા છે. પત્રમાં લખવામાં આવ્યું છે કે સરકારના વડા તરીકે તમે સમાજના તમામ સમુદાયોની મહિલાઓ વધુ અસુરક્ષા અનુભવીને વધુ ભયભીત થાય તેવા ક્યા પ્રકારના કોમી ધિક્કાર અને ભય ફેલાવતા વલણોને પ્રોત્સાહન આપી રહ્યા છો ?ભાજપ કે તેમને મત આપતાં દુષ્કર્મનો ભોગ બનવું પડશે ? દિલ્હીની મહિલાઓને તમે આ સંદેશો આપી રહ્યા છો ? તમારો પક્ષ કેટલા નીચા દરજ્જે પહોચી ચુક્યો છે તેનો આ ચિતાર છે.

ભાજપના સાંસદ પ્રવેશ વર્માના નિવેદનને ટાંકતા પત્રમાં વડાપ્રધાનને પ્રશ્ન પુછવામાં આવ્યો છે કે ભાજપ હવે ખુલ્લે આમ ભારતની મહિલાઓ અને બાળકોના જીવનને જોખમમાં મુકી રહી છે ? પ્રવેશ વર્માએ જણાવ્યુ હતું કે ત્યાં(શાહીનબાગ)માં લાખો લોકો ભેગા થયા છે. દિલ્હીના લોકોએ વિચાર કરીને નિર્ણય લેવો પડશે.તેઓ તમારા ઘરોમાં ઘુસી જશે. તમારી બહેન દીકરીઓ પર દુષ્કર્મ આચરશે. તેમને મારી નાંખશે.

પત્રમાં એમ પણ કહેવાયું છે કે વડાપ્રધાન ઈતિહાસ આની નોધ લેશે.અને ભારત માફ નહીં કરે. કારણકે તમારા પક્ષના સભ્યો દ્વારા સર્જાઈ રહેલા હિંસક વાતાવરણના સીધા પરિણામો દેશ જોઈ ચુક્યો છે. તે વલણેજ રામભક્ત ગોપાલને ૩૦ જાન્યુઆરીના રોજ જામીયાના નિર્દોષ વિદ્યાર્થીઓ પર ગોળીબાર કરવાની પ્રેરણા આપી હતી.તમારા પક્ષે ફેલાવેલી ધિકકારની ભાવનાથી સજ્જ એવા એક બીજા ત્રાસવાદીએ ૧ ફેબ્રુઆરીના રોજ શાહીનબાગની મહિલાઓ પર ગોળીબાર કર્યો હતો.


**નવક્રાન્તિ સાપ્તાહિક વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

## નવ ક્રાંતિ

બેફામ વાણી વિલાસ કરવો એ ભાજપી નેતાઓનો સ્ટેટસ સિમ્બોલ છે. કોઈના દબાણ હેઠળ કે પ્રમોશન મેળવવા માટે કે લાઈમલાઈટમાં રહેવા માટે અજુગતા નિવદેનો કરવા માટે ભાજપી નેતાઓ પ્રખ્યાત છે.કેટલીક વખતોએ પક્ષની નેતાગીરી આવા બકવાસને ફગાવી દે છે પરંતુ સરવાળે વાતાવરણને કલુષિત કરી દેવાય છે.હિંદુત્વની મનફાવતી વ્યાખ્યા કરનારા નેતાઓ લોકોમાં એવું ઠસાવવા પ્રયત્ન કરતા રહે છે કે તેમણે વ્યાજબી કામ કર્યા છે. ભાજપને સાંકળતા કેટલાક અન્ય હિંદુ સંગઠનો પણ આવા બેફામ ઉચ્ચારણો કરતાં રહે છે પરિણામે ભાજપની પક્ષ તરીકેની ઈમેજ ખરડાય છે.પ્રજા આવા વાણી વિલાસને ભુલી જતી હોય છે તેથી આવા નિવેદનનો તત્કાલિક પક્ષની આબરુને નુકશાન કરે છે .હવે મહાત્મા ગાંધીને લગતું એક નિવેદન ભાજપના સીનીયર નેતાએ કે જેઓ પ્રધાન પદે પણ બિરાજી ચુક્યા છે તેવા પીઢ નેતાએ જે કહ્યુ તે સદંતર ગેરવ્યાજબી અને પક્ષની પ્રતિષ્ઠાને જોખમી દે તેમ છે. ગાંધીજી વિરુધ્ધ બકવાસ કરનારાઓએ એ વાત જાણી લેવી જોઈએ કે તેમના બકવાસથી ગાંધીજીની ઈમેજને કોઈ બટ્ટો લાગવાનો નથી. પરંતુ તેનાથી તમારી ઈમેજને બટ્ટો જરુર લાગશે. ભાજપની નેતાગીરીમાં થોડુ ઘણુ ડહાપણનો અંશ હોય તો તેમણે આવા નેતાઓની હકાલપટ્ટી કરી દેવી જોઈએ.પક્ષે સત્તા પર કબજો જમાવી રાખવો હોય તો પક્ષની શિસ્તના લીરે લીરા ઉડાવતા નેતાઓને પક્ષમાં ચુપ રહેવા અને તેમ ના થાય તો બહારનો રસ્તો દેખાડી દેવો જોઈએ.શાસક પક્ષના નેતાઓ કોઈ નિવેદન કરે તો તેના અર્થઘટનો થાય છે. ગાંધીજીની આબરુ માત્ર દેશ પુરતું મર્યાદિત નથી પરંતુ દેશ ઉપરાંત વિદેશોમાં પણ ભારતને ગાંધીનું ભારત તરીકે લોકો ઓળખે છે. વિશ્વભરના મહાનુભાવો જ્યારે આપણા દેશમાં આવે છે ત્યારે રાજઘાટ કે સાબરમતી આશ્રમની મુલાકાત લેવાનું અચુક પસંદ કરે છે. ગાંધીના હત્યારા ગોડસેના મંદિરો બનાવવાથી ત્યાં મહાનુભાવો મુલાકાત લેશે તેવી કલ્પના કરવી મુર્ખામી છે.ગાંધીના ખુની ગોડસેને ભગવાનની પદવી થમાવી દેનારની મુર્ખતા પર અફસોસ થાય છે. અને તેમના સમર્થકોને ભાજપે સંસદમાં બેસાડી દીધા છે એટલે હવે પીઢ નેતાગીરીને કઈ કક્ષામાં મુકી શકાય.માત્ર મત લેવા માટે ગમે તેવાને ઉપાડી લાવી ચુંટણી જીતી જવી એવી એક માનસિકતા જે ઉભી થઈ છે તે દેશની લોકશાહી માટે ખતરા સમાન છે. ગાંધીને ગાળો દેવાથી કે તેમની અહિંસક લડતને નપુસંક લડત કહેવાથી ગાંધીનું નહીં ભાજપનું અપમાન થાય છે. વિચારધારાની લડાઈમાં ભાજપે નિવેદનીયા નેતાઓ સામે કડક કાર્યવાહી કરવી પડશે.

## મંતવ્ય

કોરોના વાઈરસનો ફેલાવો ચીનમાં ઝડપથી પ્રસરી રહ્યો છે. ચીને બે વર્ષથી થયેલા આ વાયરસની જાણ દુનિયાને થવા દીધી નહીં પરંતુ કાબુ બહાર પરિસ્થિતિ થતાં તેને જાહેર કરવામાં આવ્યો.હાલમાં વિશ્વના અનેક દેશો તેની ઝપટમાં આવી શકે તેમ છે. હજુ સુધી તેની દવાઓ શોધાઈ નથી.તેથી પરિસ્થિતિ વધારે બિહામણી લાગી રહી છે.ચીન સાથે વેપાર ક્ષેત્રે સંકળાયેલા અસંખ્ય લોકો ચીનમાં અવરજવર કરે છે અને ત્યાનાં લોકો દેશ વિદેશમાં સફર કરે છે. આ બધા દ્વારા વાયરસ અન્ય જગ્યાઓ પર ફેલાવાની શક્યતાઓ રહેલી છે. આપણા દેશમાં તેના કેટલાક કેસો જોવામાં આવી રહ્યા છે પરંતુ હજુ સુધી તેની પુષ્ઠી કરવામાં આવી નથી. શંકાના આધારે તપાસ થઈ રહી છે. પરંતુ આ ખતરનાક વાયરસ જો ફેલાઈ જાય તો તેનો ફેલાવો ઝડપથી ફેલાઈ શકે છે. ભારતમાં તેની અસરો વ્યાપક પ્રમાણમાં થાય તેવી શક્યતાઓને કારણે સરકારે કાર્યક્રમો જાહેર કર્યા છે પરંતુ તેટલા ઝડપી નથી. આપણે આશા રાખીએ કે આપણા દેશમાં આ વાયરસ ફેલાઈ જાય નહીં અને તેને ર ોકવા માટેના પ્રતિકારક દવાઓ ઝડપથી હાથવગી બનાવવામાં આવે. ચીનમાં આ વાયરસને કારણે મરણનો આંકડો દિન પ્રતિદિન વધતો ચાલ્યો છે. અને વધુને વધુ લોકો તેની ઝપટમાં આવી રહ્યા છે. ખોરાકની વિવિધતાઓએ આવા વાયરસને જન્મ આપ્યો છે આપણે તેનાથી ચેતવું જોઈએ.

આર.વી. પરમાર

ગીધ તેની ચાંચમાં ૩૦૦ ગ્રામ વજનવાળો પથ્થર ઉચકી શકે છે.

કરોળીયો એક મિનિટમાં લગભગ ૬ મીટર લાંબુ જાળુ બનાવે છે.

મેકસિકો અખાતમાં થતી મિકગાર્ડીયા નામની માછલીને બાર હાથ હોય છે.

તીતીઘોડો પોતાની પાંખોને પાછળના પગ સાથે ઘસી ખાસ પ્રકારનો અવાજ કરે છે.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


# સફળતા અને સંઘર્ષને નજીકનો સબંધ છે

સફળતા કોને કહેવાય? આમ તો દરેક વ્યક્તિની દષ્ટિએ સફળતાનો અર્થ જુદો જુદો હોઈ શકે. કોઈ તેને સંપત્તિ સાથે સાંકળી શકે તો કોઈ તેને સ્વાસ્થ સાથે સાંકળે તો કોઈ તેને અભ્યાસ સાથે કે સમાજમાં મળતા મોભા-પ્રતિષ્ઠા સાથે સાંકળી શકે. આમ છતાં સફળતા એ આંતરિક બાબત છે.જે બાબતને તમે પ્રાધાન્ય આપીને સફળતા ગણો છો તેને અન્ય વ્યક્તિ સફળતા ન પણ ગણે.પણ તે માટે આપણે આપણી પસંદગી કે રસ રુચિ બદલવાની જરુર નથી.તમને મજા આવતી હોય , સંતોષ મળતો હોય અને સમાજ તેનો સહર્ષ સ્વીકારતો હોય તેવી દરેક બાબતમાં આગળ વધો, એ જ તમારી સફળતા છે.

તમારી શક્તિ અને મર્યાદાને જાણો. વ્યવહારિક બનો. એટલે કે વાસ્તવિકતાનો સ્વીકાર કરો. તમને જે મળ્યું છે તે છે અને નથી તે નથી.તેનો સ્વીકાર કરો અને મહેનત કરવા મંડી પડો.પોાતની બહેરી પત્ની માટે શ્રવણયંત્ર શોધવાનો અલેકઝાંડર ગ્રેહામ બેલે ખુબ પ્રયત્ન કર્યો હતો.તેઓશ્રવણયંત્ર ન શોધી શક્યા. હા, ટેલીફોનના સિધ્ધાંતો જરુર શોધી કાઢ્યા.આમ કરેલું ફોગટ જતું નથી.એન્ડ્રુ કારનેગ કહે છે, એક સામાન્ય વ્યક્તિ પોતાની શક્તિના ૨૫ ટકા જ કામ કરે છે.જેઓ ૫૦ ટકાથી વધુ શક્તિ ખર્ચે છે તેઓને જગત સલામ કરે છે.પરંતુ જેઓ ૧૦૦ ટકા શક્તિ ખર્ચે છે તેમને જગત આસમાનની બુલંદી પર બેસાડે છે.

સફળતા અને સંઘર્ષને નજીકનો સબંધ છે.બંને એકબીજાની સાથે ચાલે છે.જ્યાં સફળતા હોય ત્યાં સંઘર્ષ હોય અને સંઘર્ષ હોય ત્યાં સફળતા પણ આવે. તમે કહેવત સાંભળી હશે, "શાંત દરિયો કદી કુશળ ખલાસી બનાવતો નથી." આમ સંઘર્ષ દ્વારા મળેલી સફળતા જ સંતોષ સાથે નિજાનંદ આપે છે. પ્રયત્ન વિના, પ્રાપ્ત થયેલ લક્ષ્ય ધાર્યો સંતોષ કે આનંદ આપી શકતા નથી.

ટોમ વોટસનના મતે જો તમારે સફળ થવું હોય તો નિષ્ફળતાનું પ્રમાણ બમણું કરી નાંખો. એટલે કે પ્રયત્નો વધારી દેવા જોઈએ.તેમાં ભલેને મોટા ભાગના પ્રયત્નો નિષ્ફળતામાં પરિણમે. લોકો સફળતાને જુએ છે.વધાવે છે,તે માટે થયેલ નિષ્ફળ પ્રયત્નોને કોઈ મહત્વ આપતું નથી.નિષ્ફળ થવાશે તેમ માનીને કશું જ ન કરનાર કરતાં, સતત નિષ્ફળ થનાર વ્યક્તિ પણ જો પોતાના પ્રયત્નો ચાલુ જ રાખતો હોય તો તે વધારે પ્રમાણિક અને વિશ્વાસુ ગણાય.

એક ખેડુતની વાડી જોઈને કોઈએ કહ્યું કે વાહ ભગવાને કેટલી સુંદર વાડી તને આપી છે.તારે ભગવાનનો આભાર માનવો જોઈએ. ત્યારે પેલા ખેડુતે કહેલું કે હા હું ભગવાનનો આભારી છું.પણ તમારે આ વાડી પાંચ વર્ષ પહેલાં જોવી જોઈતી હતી.જ્યારે તે માત્ર પ્રભુના ભરોસે હતી. અહીં અર્થઘટન એ કરવાનું કે ભગવાનને ભરોસે બધું ન છોડાય. આપણી મહેનત હોય તો જ સફળતા મળે. પ્રિન્સ લોમ્બાર્ડી જણાવે છે કે વિજયી બનવાની ઈચ્છા બધાને હોય છે, પણ એ માટે નક્કર યોજના બનાવી પુર્વ તૈયારી કરવા માટે ખુબ ઓછા લોકો તૈયાર થતા હોય છે.સફળતા મેળવવા માત્ર શૈક્ષણિક ડીગ્રી જ કામ આવતી નથી.સફળ વ્યક્તિઓમાંથી મોટા ભાગની વ્યક્તિ અભ્યાસમાં મોખરાનું સ્થાન ધરાવતી ન હતી.અરે, ઘણી વ્યક્તિઓ તો અભ્યાસમાં નાપાસ પણ થતી હતી. તો કેટલીક વ્યક્તિઓ તો અધવચ્ચેથી અભ્યાસ છોડી દીધેલ હતો. કેટલાંક ઉદાહરણો વાંચો. લકવાગ્રસ્ત વિલ્મા રુડોલ્ફ પોતાની તીવ્ર ઈચ્છાશક્તિ અને મહેનતને કારણે ૧૯૬૦માં ઓલિમ્પીકમાં સૌથી ઝડપી મહિલા તરીકે પ્રથમ આવી હતી.શૈલી માન બાળપણમાં લકવાગ્રસ્ત બની હતી. છતાં તરણવિદ્યા શીખી ૧૯૫૬ની મેલબોર્ન ખાતેની ઓલિમ્પીકમાં તેણે ત્રણ વિક્રમ સર્જ્યા હતા.હેની ફોર્ડ જ્યારે પોતાની જીવનની પ્રથમ કાર બનાવી ત્યારે તેઓ તેમાં રીવર્સ ગીયર નાંખવાનું ભુલી ગયા હતા.અને ૪૦માં વર્ષે નાદારી નોધાવી હતી.વીજળીનો દિવો શોધવામાં થોમસ આલ્વા એડીસનને સફળતા મળી એ પહેલાં ૧૦,૦૦૦ પ્રયોગ નિષ્ફળ નીવડ્યા હતા.સુપરસ્ટાર રજનીકાંત ૨૪માં વર્ષે બસ કંડકર હતો.બીલ ગેટસે પોતાનું યુની.નું શિક્ષણ પુરુ કર્યું નથી.સચિન તેડુંલકર ૧૦માં ધોરણની પરીક્ષામાં નાપાસ થયો હતો.આમ સફળતા માટે માત્ર શિક્ષણ જ ઉપયોગી નથી.તમને જેમાં રસ છે, તમને જે ગમે છે તે પુરા લગાવથી મન મુકીને કરો. તમે સફળ થશો જ, અંતે દોસ્તો એટલું યાદ રાખજો કે ,બધા બધું નથી બની શકતા અને બધા એ બધું બનવાની જરુર પણ નથી.

ડો. અશોક પટેલ(સૌ.)

## જાણવા જેવું !

તિબેટનુ ઉરુત્સો તળાવ દર બાર વર્ષે મીઠા અને ખારા પાણીમાં ફેરવાય છે.

લાયરબર્ડ નામનું પક્ષી સાંભળેલા અવાજની નકલ કરી શકે છે.

પેંગ્વીન એ એકમાત્ર એવું પક્ષી છે જે પાણીમાં તરી શકે છે પણ ઉડી શકતું નથી.

બિલાડી દિવસમાં ૧૬થી ૧૮ કલાક ઉંઘે છે.

કાકાપો નામનો પોપટ વિશ્વનો સૌથી મોટો પોપટ છે જે કદી ઉડી શકતો નથી.

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

## યુરોપીયન સંસદમાં ભારતના નાગરિકતા સંશોધન કાયદાની વિરુધ્ધમાં પ્રસ્તાવ પસાર કરાયો

ભારતના નાગરિકતા સંશોધન કાયદા (સીએએ)ની વિરુધ્ધમાં યુરોપીયન સંસદમાં બહુમતી સભ્યો દ્વારા પ્રસ્તાવ પસાર કરાયો હતો.આ પ્રસ્તાવ પસાર થતાં ભારતે તેના માટે પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો.આ પ્રસ્તાવ પર ૨૯મી ચર્ચા અને ૩૦મીએ મતદાન થવાનું છે.ભારતે યુરોપીય સંઘની સંસદમાં કહ્યુ છે કે તેણે એવું કોઈ પગલું ન ભરવું જોઈએ કે જે લોકશાહી રીતે ચુંટાયેલા સાંસદોના અધિકારો અને પ્રભુત્વ પર સવાલ ઊભા કરે. ભારતે કહ્યુ છે કે સીએએ સંપુર્ણરીતે ભારતનો આંતરિક મામલો છે. અને કાયદો બન્ને ગૃહોમાં ચર્ચા બાદ લોકશાહી માધ્યમથી પસાર કરાયો હતો.યુરોપીયન યુનિયનની સંસદમાં  સીએએની સામે કેટલાક સભ્યો દ્વારા રજુ કરાયેલી દરખાસ્તમાં કહેવાયું છે કે ભારત આ રીતે ધાર્મિક ભેદભાવના આધારે કોઈ કાયદો પસાર કરી શકે નહીં.સંસદમાં આ અઠવાડિયાના પ્રારંભમાં યુરોપીયન યુનાઈટેડ લેફ્ટ નોર્ડિક ગ્રીન લેફ્ટ જુથે દરખાસ્ત રજુ કરી હતી. દરખાસ્તમાં કહેવાયું છે કે સીએએથી ભારતમાં નાગરિકતા નક્કી કરવાની પધ્ધતિમાં ખતરનાક પરિવર્તન આવશે. આનાથી નાગરિકતા વગરના લોકોના સબંધમાં મોટું સંકટ વિશ્વમાં જન્મી શકે છે. અને આ મોટી માનવ પીડાનું કારણ બની શકે છે.

## પ. બંગાળ સીએએ વિરોધી ઠરાવ પસાર કરનાર ચોથું રાજ્ય બન્યું

પશ્ચિમ બંગાળની વિધાનસભામાં નાગરિકતા સંશોધન કાયદા વિરુધ્ધમા ઠરાવ પસાર કર્યો છે. રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનરજીએ સીએએને લોકવિરોધી ગણાવ્યો છે.અને કહ્યુ છે કે આ કાયદાને તત્કાળ અસરથી રદ કરી દેવો જોઈએ.તેમણે ઉમેર્યુ હતું કે હિન મતભેદો દુર રાખવા અને દેશને બચાવવા માટે એક થવાનો સમય આવી ગયો છે. ભાજપ ઈચ્છે તો તેમની સરકારને બરખાસ્ત કરી શકે છે.

## કોઇ ગર્ભવતી મહિલાને જેઓ બાળકને જન્મ આપવા અમેરિકા જવા માંગતી હોય તેને વિઝા નહીં આપે

અમેરિકામાં ટ્રમ્પ શાસન હવે વિઝા અંગે કેટલાક નવા પ્રતિબંધો મુકવા જઈ રહ્યું છે. જેના અંતગર્ત એવી મહિલાઓ પર પ્રતિબંધ આવશે કે જેઓ બાળકને જન્મ આપવા માટે અમેરિકા જવા માંગે છે કે જેથી તેમના બાળકોને અમેરિકન પાસપોર્ટ મળી જાય. આ પ્રકારના ઘટનાક્રમથી વાકેફ બે અમેરિકન અધિકારીઓએ કહ્યુ હતું કે વિદેશ વિભાગ આ નિયમને જારી કરશે.

નવા નિયમથી ગર્ભવતી મહિલાઓ માટે પર્યટન વિઝા પર પ્રવાસ કરવો કઠિન બની રહેશે. નિયમના એક મુસદ્દામાં કહેવામાં આવ્યું છે કે તેમને વિઝા મેળવવા માટે કાઉન્સેલર ઓફિસરને સમજાવવું પડશે કે અમેરિકા આવવા માટે તેમની પાસે કોઈ વ્યાજબી કારણ છે.ટ્રમ્પ શાસન ઈમીગ્રેશનના તમામ ફોર્મેટ્સ પર પ્રતિબંધ લગાવી રહ્યું છે. પરંતુ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ખાસ કરીને જન્મજાત નાગરિકતાના મુદ્દે આકરુ વલણ અપનાવ્યું છે. તેના અંતગર્ત બીન અમેરિકન નાગરિકોના બાળકોને અમેરિકામાં જન્મ લેવાની સાથે મળનારી નાગરિકતાનો અધિકાર ખતમ કરી દેવાશે.

બર્થ ટુરીઝમ અમેરિકા અને વિદેશોમાં ખુલ ફુલીફાલી રહ્યો છે. અમેરિકન કંપનીઓ આ માટે જાહેરાતો પણ આપે છે અને હોટેલના રુમ્સ અને તબીબી સેવાઓ વગેરે માટે ૮૦,૦૦૦ ડોલર સુધી વસુલ કરે છે. રશિયા અને ચીન જેવા દેશોમાંથી અનેક મહિલાઓ બાળકને જન્મ આપવા માટે અમેરિકા આવે છે. જો કે ડોનાલ્ડ્ ટ્રમ્પ રાષ્ટ્રપ્રમુખ બન્યા પછીથી અમેરિકા આ પ્રકારના ચલણ વિરુધ્ધ કદમ ઉઠાવી રહ્યું છે.

ડોનાલ્ડ ટ્રમ્પ શાસનમાં અમેરિકન વિઝા નીતીમાં અનેક ફેરફારો આવી રહ્યા છે. આ અગાઉ અમેરિકાના વિદેશ વિભાગે નવા નિયમો અનુસાર,અમેરિકન વિઝા માટે અરજી કરનારા લગભગ તમામ અરજદારોએ પોતાની સોશ્યલ મીડીયા સબંધિત માહિતી દાખલ કરવાની રહેશે. વિદેશ વિભાગના નિયમો પ્રમાણે, લોકોએ પોતાના સોશ્યલ મીડીયા નામ તથા પાંચ વર્ષ સુધીના ઈમેઈલ એડ્રેસ તથા ફોન નંબર આપવાના રહેશે.

જો કે વિઝા સબંધિત નીતીઓમાં આકરા નિયમો પછી અમેરિકામાં જ ટ્રમ્પ વિરુધ વિરોધ પણ સર્જાયો છે. ખાસ કરીને એચ-૧બી વિઝા મામલે ટેક. કંપનીઓએ પણ ચેતવણી આપી છે કે આકરા નિયમો વિઝા નીતિમાં લાવવાથી ટેકનોલોજી ક્ષેત્રે અમેરિકાની પ્રગતિમાં બ્રેક લાગી શકે છે.એચ ૧-બી વિઝામાં કડક નિયમોને લેઈને ભારતીય કંપનીઓને કઠીન સમયનો સામનો કરવો પડી રહ્યો છે.ભારતની આઈટી કંપનીઓમાં ચિંતાનો માહોલ છે.


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




લાઈફ મેગેઝીનના કવર પર સૌથી વધુ વાર ચમકનાર એલીઝાબેથ ટેલર એકમાત્ર હસ્તી છે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332


## રાજકારણમાં ગુનાખોરી અંગે ચુંટણી પંચ પાસે સુપ્રીમે જવાબ માંગ્યો



ચુંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં કહ્યું છે કે ચુંટણી લડતા ઉમેદવારોને ઈલેકટ્રોનિક ્ને પ્રિન્ટ મીડીયામાં પોતાની ગુનાખોરીના રેકોર્ડ અંગે જાહેરાત કરવાના ૨૦૧૮ના તેના નિર્દેશથી રાજકારણમાં ગુનેખોરીને અટકાવવામાં મદદ મળતી નથી.આમ રાજકારણમાં ગુનેગારો ન આવે તે માટે તેઓ ગુનાઈત રેકોર્ડની જાણકારી આપવાના નિદેશને બદલે રાજકીય પક્ષોને કહેવું જોઈએ કે તેઓ આવા રેકોર્ડ ધરાવતાં ઉમેદવારોને ટીકીટ જ ન આપે.જસ્ટીસ આર.એફ.નરીમાનની બેન્ચે ચુંટણી પંચને નિર્દેશ આપ્યો છે કે તેઓ દેશના રાજકારણમાં અપરાધીકરણને અટકાવવા માટે એક અઠવાડિયાની અંદર રુપરેખા તૈયાર કરીને કોર્ટમાં રજુ કરે. સુપ્રીમ કોર્ટે અરજી કર્તા ભાજપ નેતા અને વકીલ અશ્વીની ઉપાધ્યાય અને ચુંટણીપંચને કહ્યુ છે કે તે સાથે મળીને વિચાર કરે અને સલાહ આપે કે જેનાથી રાજકારણમાં અપરાધીકરણને અટકાવવામાં મદદ મળે.

## કોરોના વાયરસનો આતંક : ચીને પાંચ શહેરો સીલ કર્યો,લોકોને શહેર છોડવાની મનાઇ

ચીનમાં ફેલાયેલા જીવલેણ કોરોના વાયરસના પગલે સમગ્ર વિશ્વમાં હાઈ એલર્ટ જારી કરી દેવાયું છે.ચીનમાં વાયરસના લીધે ૧૭ લોકોના મોત નિપજ્યા છે. પછી સરકારે પાંચ શહેરો હુઆનગાંગ,એશાઉ,શિઝિયાંગ,કિયાનઝિયાંગ અને વહાને સીઝ કરી દીધા છે. જેનાથી બંને શહેરોના બે કરોડ જેટલા લોકોને પોતાના શહેર છોડીને અન્યત્ર જવાની મનાઈ છે. આ સાથે વિમાન તથા ટ્રેન સેવાઓ પણ અટકાવી દેવાઈ છે. જેથી વાયરસનો ફેલાવો રોકી શકાય. ઉલ્લેખનીય છે કે વુહાનમાં સીફુડ અને એનીમલ માર્કેટમાં ફેલાયેલા કોરોના વાઈરસના ચેપથી ૧૭ લોકોએ જાન ગુમાવ્યા છે. આ ઉપરાંત સેકડો લોકો આ વાયરસનો ચેપ ધરાવતા હોવાના અહેવાલો મળ્યા છે. ચીનથી અન્ય દેશોમાં ગયેલા લોકોમાં પણ આ વાયરસના ચેપ જોવા મળ્યા છે. જેમાં અમેરિકામાં પણ આ વાયરસે દેખા દીધી છે.

ચાઈનીઝ શહેર વુહાંન કે જે એક મોટું પોર્ટ સીટી છે તેમાં સજ્જડ બંધ જેવી સ્થિતિ જોવા મળી છે. શેરીઓ અને શોપીંગ મોલ્સ ખાલી દેખાઈ રહ્યા છે. રહેવાસીઓને કોઈ કારણ વિના શહેર છોડવાની મનાઈ છે. વિમાન, ટ્રેન અને ટોલવે બંધ કરાયા છે. વુહાન પછી હુઆંગગેગ શહેરમાં પણ પબ્લિક ટ્રાન્સપોર્ટ અને ટ્રેન સેવાઓ સસ્પેન્ડ કરી દેવાઈ છે. શહેરના તમામ સિનેમા, ઈન્ટરનેટ કાફે તથા સેન્ટ્રલ માર્કેટ બંધ કરી દેવાયા છે. ઈઝોઉમાં પણ ટ્રેન સ્ટેશન બંધ કરી દેવાયું છે. કોરોના વાયરસે તમામ રહેવાસીઓમાં ભય ફેલાઈ રહ્યો છે. લોકોને દુનિયાનો અંત આવી રહ્યો છે તેવી ભીતી લાગી રહી છે. સરકાર ત્વરીત પગલાં લઈ રહી છે પરંતુ લોકો ભયના ઓથાર તળે જીવી રહ્યા છે. ચીનમાં હાલમાં ૫૭૦થી વધુ લોકો આ વાયરસના ભોગ બન્યા છે.

પેંગ્વીન એ એકમાત્ર એવું પક્ષી છે જે પાણીમાં તરી શકે છે પણ ઉડી શકતું નથી.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# સ્ત્રીનું સન્માન થાય ત્યાં દેવો પણ પ્રસન્ન થાય છે

ઈશ્વર વિશે કંઈ પણ લખવું-બોલવું અતિ અઘરુ છે. એવું જ સ્ત્રી માટે પણ કહી શકાય. 'હરિ તારા નામ છે હજાર 'એમ ' નારી તારા રુપ છે હજાર ' એવું કહેવું હોય તો કહી શકાય. આપણે એ ભુલવું જોઇએ નહીં કે,સ્ત્રી એક માતા છે. ભલે એના અનેક રુપો હોય, પણ એનામાં રહેલા માતૃત્વને શત શત વંદન કરીને પછી જ સ્ત્રી શબ્દ વિશે વાત કરી શકાય.શૃંગારશતકમ્ (૨૦)માં કહ્યું છે : મુખ ચંદ્રકાન્તિમણિ જેવું, કેશ ઇન્દ્રીય નીલમણિ સમાન અને હાથ પદ્મરાગમણિ જેવા હોવાના કારણે સ્ત્રીઓ રત્ન સ્વરુપ છે. એ રત્નને સાચવવાની જવાબદારી પુરુષની છે. કોઇએ કહ્યું છે : સ્ત્રીએ બ્રહ્માની ગમી જાય એવી ભુલ છે. એ ભુલ જ જગતજનની છે. મનુએ કહ્યું છે : સુયોગ્ય પત્ની પરિવારની શોભા અને ગૃહની લક્ષ્મી છે.એનામાં શું હોય છે ? એ શું કરી શકે છે ? વાલ્મીકી રામાયણ(૩-૧૩-૬)માં કહ્યું છે : સ્ત્રીઓ વિદ્યુતની ચપળતા, શસ્ત્રોની તીક્ષ્ણતા તથા ગરુડ એટલે કે વાયુની તીવ્ર ગતિનું અનુસરણ કરે છે.ધારે તે કરી શકવાની એનામાં ક્ષમતા છે.એ માત્ર પત્ની,દીકરી, માં, પ્રેમિકા, કે મિત્ર જ નથી, તે ઘણું બધું છે.વાલ્મીકી રામાયણ(૩-૪૫-૨૮)માં કહ્યું છે : સામાન્ય રીતે સ્ત્રીઓ વિનય વગેરે ધર્મો વિનાની,ચંચળ,કઠોર તથા ઘરમાં ઝટપટ કરનાર છે.એથી વધારે વિગત તો વાલ્મિકીએ પોતાના રામાયણમાં એના શ્લોકોમાં સ્ત્રીઓ વિશે કહ્યું છે: સ્ત્રીઓ માટે ન ઘર, ન ચાદરનો ઘુંઘટ,ન પડદાની ચાર દિવાલો,ન ચકચકિત પડદા ન એવા પ્રકારના રાજસત્કાર જ આડ કરવાવાળા છે.સ્વજનોનો વિયોગ થવા છતાં, યુધ્ધભુમિમાં, સ્વયંવર સભા,.યજ્ઞશાળા એ લગ્નમાં લોકોની સામે ઘુંઘટ સિવાય આવવું કોઇ દોષ નથી. ઉઘાડા મોએ આવા સમયે આવવા માં કોઇ વાંધો હોઇ શકે જ નહી.તો એમાં બીજી જગ્યાએ કહ્યું છે : શું તમે તમારી સ્ત્રીઓને સંતોષ આપો છો ? શું તે તમારા દ્વારા સુરક્ષિત છે ? તમે એમના ઉપર વધારે વિશ્વાસ તો કરતા નથી કે ? તમારી ખાનગી વાત એને કહી દેતા નથી ને ?

સ્ત્રી -સ્ત્રી(સં)બૈરી(૨)પત્ની(૩) નામ પુર્વે આવતા સ્ત્રી વાચક નારી જાતિ બનાવે છે. દા.ત. સ્ત્રી કવિ,સ્ત્રી પ્રમુખ વગેરે. મનુએ કહ્યું છે : જ્યાં સ્ત્રીઓનું સન્માન થાય છે ત્યાં દેવો પ્રસન્ન થાય છે.આપણે સ્ત્રીનું સન્માન કરીએ છીએ એનો અર્થ એ થાય છે કે આપણે માતૃત્વને વંદીએ છીએ. સ્ત્રીએ શું કરવું જોઇએ ? ધર્મામૃત(૧૨-૨૮)માં કહ્યું છે : કુલીન સ્ત્રીઓએ સદાય પોતાના પતિના મનને અનુકુળ વ્યવહાર કરવો જોઇએ,કારણકે પતિવ્રતા સ્ત્રીઓ ધર્મ,લક્ષ્મી,સુખ અને યશની એકમાત્ર ધ્વજા હોય છે.ઘરની ઇજ્જત, આબરુ,માન-મોભો જે કાંઇ છે તે સ્ત્રી છે.સ્ત્રી જ કુળને તારી શકે અને ડુબાડી શકે છે. જે ઘરમાં કુળવાન સ્ત્રી હોય એ ઘરમાં સદાય શાંતિ અને આનંદ હોય છે.સ્ત્રી તો કુટુંબનું નાક છે.હસતા મુખે કોઇને આવકાર આપવો, અતિથિનો સત્કાર કરીને એની સગવડ સાચવવી, ગુણવાન સ્ત્રી એ અનેક પેઢીઓ તારી શકે છે. ચાણક્યશતકમ(૯૦)માં કહ્યું છે : કિસાન માટે હંમેશા સુકાળ છે અને નિરોગી સદા સુખી છે. જેના ઘરમાં પ્રેમાળ સ્ત્રી છે એના ઘરમાં સદાય ઉત્સવ જ છે. પ્રેમ તો જગતનો શ્વાસ છે. પ્રેમાળ પત્ની એ ઘરનો દીપક છે. પ્રેમાળ સ્ત્રી તો ધુપસળી જેવી છે.જે પોતે બળીને બીજાને સુગંધ આપે છે.સ્કન્ધપુરાણ(૫૯-૨૭)માં કહ્યું છે : નિમ્ન કુળમાં જન્મેલી ભક્તિવાન સ્ત્રી જો ભક્તિમાં પુત્રની જનની હોય તો તે કુલી છે એવું હું કહું છુ. આ બધી બાબતો જ્યારે કુળભેદ હતા ત્યારની છે.સમયના પરિવર્તનની સાથે સાથે સમાજ-જીવનમાં પણ પરિવર્તન આવતું રહે છે.પણ આપણા શાસ્ત્રો-પુરાણોમાં જે બાબતો જણાવેલી છે એને સમજવાની જરુર છે.એટલા માટે આપણે તે જોઇએ છીએ.યુગોથી સ્ત્રી એ જનેતા છે અને યુગો પછી પણ જનેતા જ રહેવાની છે. એનું માન-સન્માન એજ ભાવથી થવું જોઇએ. આપણે કહીએ છીએ કે સ્ત્રીના કારણેજ ઘર ઉજળું રહે છે.શુક્રનીતિ(૧-૧૧૪)માં કહ્યું છે : સ્ત્રીઓમાં જે આસક્તિ રાખતા નથી એમના માટે તે સુખદાયક હોય છે.કારણકે ઘરના કામમાં સ્ત્રી સિવાય બીજું કોઇ સહાયક બની શકતું નથી. ઘરની નાર જો કભારજા હોય તો એ ઘર તરફ કોણ ફરકે ?જ્યાં આવકાર ન મળતો હોય, પ્રેમથી કોઇ બોલાવનાર ન હોય , એ ઘેર કોઇ જાય ખરુ ?

આમ છતાં સ્ત્રીનું મન કોઇ કળી શકતું નથી.આપણે કહીએ છીએ કે બાળક કોનું છે એ મા સિવાય કોણ જાણે ?અગ્નિની જ્વાળાઓને વશમાં કરી શકાય છે.પવનને પણ પકડી શકાય છે. છંછેડાયેલા સાપને પણ વશમાં કરી શકાય છે.પણ કામિનીઓ(સ્ત્રીઓ)નું મન વશમાં કરી શકાતું નથી.જો કે દરેકનું મન તો ચંચળ જ છે. મનને કોઇ સિધ્ધ યોગી જ વશમાં કરી શકતા હોય છે. છતાં પુરુષના મનને વાંચી શકાય છે.એવું માનવાં આવે છે.સ્ત્રીઓ જેની સાથે રહેતી હોય,જે ઘર વાતાવરણાં જીવતી હોય, એ પ્રમાણેજ જીવવાનો પ્રયત્ન કરતી હોય છે.

ડૉ કિશોરસિંહ સોલંકી, (સૌ. સંદેશ)

## જાણવા જેવું

સુર્યમાળાનો સૌથી વિશાળ જ્વાળા મુખી ઓલિમ્પસ મોન્સ મંગળ ગ્રહ પર આવેલો છે.

બોઇંગ ૭૪૭માં ૬ લાખ જુદા જુદા ભાગોમાં વહેચાયેલુ છે.

લાઇફ મેગેઝીનના કવર પર સૌથી વધુ વાર ચમકનાર એલીઝાબેથ ટેલર એકમાત્ર હસ્તી છે.

વિશ્વનું સૌથી મોટું સ્ટેડીયમ એસ્ટ્રાહીવ સ્ટેડીયમ છે. તે પ્રાગમાં આવેલું છે.

તિબેટનુ ઉરુત્સો તળાવ દર બાર વર્ષે મીઠા અને ખારા પાણીમાં ફેરવાય છે.

અમેરીકાનું રાષ્ટ્રીય પક્ષી સફેદ માથાવાળું ગરુડ (બોલ્ડ ઇગલ)છે.


સ્ટેનફિશ માછલી પથ્થરોની વચ્ચે માળો બનાવીને રહે છે.

નાગાલેન્ડની માતૃભાષા અંગ્રેજી છે.

ચામાચીડીયાનું સૌથી મોટું શિલ્પ ઇજીપ્તના ગીઝાના પિરામીડ નજીક આવેલું છે.

કુતરાની જ એક જાતિ લાબ્રાડોરનો ૧૯મી સદીમાં શિકાર કરવા માટે ઉપયોગ કરવામાં આવતો હતો.

# ગાંધીજીનો સ્વતંત્રતા સંગ્રામ નાટક હતું :ગાંધીજીના સ્વાતંત્ર્ય સંગ્રામને અંગ્રજો દ્વારા સમર્થન પ્રાપ્ત હતું : અનંત હેગડે ભાજપી નેતા



ભાજપના નેતા અને પુર્વ કેન્દ્રીય પ્રધાન અનંતકુમાર હેગડેએ રાષ્ટ્રપિતા મહાત્માં ગાંધી વિશે પોતાના બેફામ વિચારો રજુ કર્યા હતા. તાજેતરમાં એક કાર્યક્રમમાં તેમણે ગાંધીજીના સ્વતંત્રતા સંગ્રામને ડ્રામા ગણાવ્યો હતો. જો કે આ બાબતે એક મોટો રાજકીય વિવાદ સર્જાયો હતો. જો કે તેમની પાર્ટીએ કે એમની મુળભુત વિચારધારાના પ્રણેતાઓએ દેશની આઝાદીની ચળવળમાં કોઇ હિસ્સો લીધો નહોતો. ઉપરથી તેઓ અંગ્રજોની તરફેણમાં કાર્યરત હતા તેનો ઇતિહાસ સાક્ષી છે.

કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં અનંતકુમાર હેગડે એક કાર્યક્રમને સંબોધતા કહ્યુ હતું કે ગાંધીજી દ્વારા કરવામાં આવેલો સ્વતંત્રતા સંગ્રામ આખો બનાવટી હતો. એને બ્રિટીશ સામ્રાજ્યનું સમર્થન હતું. એ સમયના તથા કથિત મોટા મોટા નેતાઓએ એકવાર પણ પોલીસના હાથનો માર ખાધો નહોતો.એમનુ આંદોલન એક નાટક હતું. એમાં મોટા નેતાઓએ અંગ્રેજોની પરવાનગી બાદ આ ડ્રામા કર્યો હતો.આ કોઇ અસલ લડાઇ નહોતી પણ દેખાવટી સંઘર્ષ હતો. તેમણે ગાંધીજીની ભુખ હડતાલ અને સત્યાગ્રહ આંદોલનોને પણ નાટક ગણાવ્યા હતા. તેમણે એમ પણ ક્હયુ હતું કે જે લોકો કોંગ્રેસનું સમર્થન કરે છે તેઓ એ કહે છે કે ભારતને આઝાદી ભુખ હડતાલ અને સત્યાગ્રહથી મળી પણ આ સાચું નથી.અંગ્રેજોએ સત્યાગ્રહના કારણે દેશ છોડ્યો નહોતો. તેમણે આપણી નિરાશા અને પરાજયના કારણે આઝાદીય આપી હતી. હું જ્યારે ઇતિહાસ વાંચુ છું ત્યારે મારુ લોહી ઉકળી ઉઠે છે. આવા લોકો આપણા દેશમાં મહાત્મા બની જાય છે.

જો કે આવા કોઇ નિવેદનો ભાજપના નેતાઓ કરે ત્યારે તુરતજ પક્ષની આબરુ સાચવવા માટે પક્ષ આ નિવેદન સાથે સંમત નથી આ તો એ નેતાની પોતાનું મતવ્ય છે એમ કહીને પોતાની આબરુ સાચવવા પ્રયત્ન કરે છે. એજ રીતે ભાજપે હેગડેના આ નિવેદન પર નારાજગી દર્શાવી છે. અને પાર્ટીના ટોચના નેતૃત્વએ હેગડેને કોઇપણ શરત વગર માંફી માંગવાનો આદેશ આપ્યો છે. જો કે હેગડેને આ બાબત કબુલ છે અને તેઓ માફી માંગવા માટે ભાજપનો આદેશ સ્વીકારશે તે કહેવું અઘરુ છે. આવા અનેક નિવેદનો ભાજપી નેતાઓ કરી ચુક્યા છે. પરંતુ પક્ષ તેનાથી અંતર જાળવે છે.

કોંગ્રેસે ગાંધીની ટીકા કરવા બદલ ભાજપ સાંસદ અનંતકુમાર હેગડે સામે રાજદ્રોહનો કેસ નોધવાની માંગણી કરી છે. ભાજપની આકરી ટીકા કરતાં કોંગ્રેસે વડાપ્રધાન મોદી પાસેથી માફીની માંગણી કરી છે.કોંગ્રેસના સીનીયર પ્રવક્તા આનંદ શર્માએ જણાવ્યુ હતું કે રાષ્ટ્રપિતાને બ્રિટિશરોના ચમચાઓ અને જાસુસો પાસેથી સર્ટીફીકેટની જરુર નથી. જ્યારે ભાજપે હેગડેના આવા નિવેદનને મામલે ખુલાસો કરતી નોટીસ ફટકારીને શિસ્તભંગના પગલાંની કાર્યવાહી આરંભી છે. ભાજપના મોટા નેતાઓ હેગડેના નિવેદનથી અપસેટ છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃએ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.